વિશ્વ મહિલા દિને ૮મીએ ગાંધીનગરમાં વિશિષ્ઠ સમારોહ

નારી શકિત એવોર્ડ તેમજ ૭મીની મધરાત પછી જન્મ લેનાર દિકરીના સન્માન થશે

ગાંધીનગર, તા.૪

આગામી ૮મી માર્ચના રોજ વિશ્વ મહિલા દિવસની રાજયકક્ષાની ઉજવણી ગાંધીનગર સ્થિત જી.એમ.ઈ.આર.એસ. હોલમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં થશે.

વિશ્વ મહિલા દિવસની ઉજવણીને ધ્યાને રાખી ૭મીએ મધરાતથી ૮મીએ સવારે નવ વાગ્યા સુધી જન્મેલ દિકરીઓના વિશેષ સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત શહેર અને જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં 'બેટી બચાઓ બેટી પઢાઓ' થીમ આધારિત વકતૃત્વ, નિબંધ સ્પર્ધાઓનું પણ આ દિવસે આયોજન કરાશે.

આ દિવસે વિવિધ ક્ષેત્રોમાં નારી તરીકે આગવી ઓળખ ઉભી કરનાર મહિલાઓને 'નારી શકિત' એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવનાર છે. આ માટેની તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા તંત્ર દ્વારા રાજયકક્ષાના આ કાર્યક્રમના આયોજનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ માટેની તડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે. આ દિવસે શહેરના રાજમાર્ગો પર 'બેટી બચાવો બેટી પઢાઓ' થીમ પર વિદ્યાર્થીનીઓની વિશેષ રેલી પણ યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મહિલા સુરક્ષા માટે ૧૮૧ અભ્યમ્ ની વિસ્તૃત જાણકારી માટે ખાસ પ્રદર્શન, મા વાતસલ્ય કાર્ડનું વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમો પણ આ દિવસે યોજવામાં આવશે. રાજય સરકાર દ્વારા વિવિધ જિલ્લાઓમાં પણ મહિલા દિવસની ઉજવણીના કાર્યક્રમો યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

નૃત્યોની વણઝાર - સંસ્કૃતિ કુંજમાં રોજેરોજ એક એકથી ચડિયાતા નૃત્યો અભિવ્યક્ત થઈ રહ્યા છે... વિવિધતામાં એકતાના સંદેશને સાકાર કરતો વસંતોત્સવ માણવા કલાપ્રેમીએ હકડેઠઠ છલકાય છે... કાશ્મીર થી કન્યાકુમારી અને કચ્છથી કલકત્તા સુધીના વિવિધ પ્રાંતો અને પ્રદેશોના લોકનૃત્યોની એક જ મંચ પર ૧૫ દિવસ સુધી રજુઆત થતી હોય એવા સાંસ્કૃતિક અભિવ્યક્તિનો મહોત્સવ ગાંધીનગરના કલારસિકો માટે ભવ્યાતિભવ્ય જલસો બની ગયો છે અને ગાંધીનગરાઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે...

આજે રાજયસભાની ચૂંટણી માટેનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે

ઉમેદવારોની ઘોષણા ૯ અથવા ૧૦ માર્ચના રોજ થવાના સંકેતો ચૂંટણી ટાળવા બંને પક્ષો બે-બે ઉમેદવારો મેદાનમાં ઉતારશે

ગાંધીનગર, તા.૪

ગુજરાતની રાજયસભાની ખાલી પડતી ૪ બેઠકોની ચૂંટણી માટે આજે જાહેરનામુ પ્રસિધ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે. ૧૨મી માર્ચ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે.

બંને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ અવઢવની સ્થિતિ જોવા મળી રહી છે. બંને પક્ષો દ્વારા નવમીએ અથવા દસમીએ ઉમેદવારોની પસંદગીને આખરી મહોર મારવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

નિવૃત્ત થતા ૪ સભ્યો ભાજપના છે. જેમાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓ છે તો ચોથા ઉમેદવાર કોળી સમાજના વગદાર નેતા છે. હાલની સભ્ય સંખ્યા જોતાં ભાજપના બે સભ્યો વિજયી થઈ શકે એમ છે તો કોંગ્રેસના પણ બે સભ્યો વિજયી થઈ શકે એમ છે એટલે બંને પક્ષો દ્વારા બે-બે ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવશે.

રાજકીય વર્તુળોમાં એવી પણ વાત ચાલી રહી છે કે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલીને અન્ય રાજયમાં ખસેડવામાં આવે અને બે કેન્દ્રીય રાજય મંત્રી માંડવિયા અને રૂપાલામાંથી એકની પસંદગી કરી એક અન્ય ઉમેદવારની પસંદગી કરવામાં આવે. બીજી તરફ કોંગ્રેસ એક રાષ્ટ્રીય અગ્રણી અને એક સ્થાનિક અગ્રણીની ઉમેદવાર તરીકે પસંદગી કરે તેવી શકયાઓ પણ છે.

ત્રીજી બેઠક માટે ભાજપ કે કોંગ્રેસ ઉમેદવાર મેદાનમાં ઉતારે છે કે કેમ? તેને લઈ રાજકીય વર્તુળોમાં અટકળોનો દોર ચાલ્યો છે પરંતુ આ વર્તુળો જ હાલ બંને પક્ષો કોઈ ઉતાવળમાં નહિ હોવાનું જણાવી સર્વાનુમતે ઉમેદવારો વિજયી બની જાય તે માટે વધુ આતુર હોવાનું કહી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી માર્ચના બીજા પખવાડિયામાં થશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકા પંચાયતના નવાપ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માર્ચ માસના બીજા પખવાડિયામાં યોજાશે તેવા સંકેતો મળી રહ્યા છે.

પંચાયતોની ચૂંટણીના પરિણામોની પ્રસિધ્ધિ થયા બાદ ચાર સપ્તાહમાં ચૂંટણી માટે પ્રથમ બેઠક બોલાવવાની થતી હોવાથી માર્ચના બીજા પખવાડિયામાં આ ચૂંટણી યોજાશે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં ત્રિશંકુ પરિણામો આવ્યા છે. કોંગ્રેસને ૧૮ ભાજપને ૧૫ અને ૩ અપક્ષ સભ્યો વિજયી થયા છે. રાંધેજા-૨ બેઠક પરના અપક્ષ ઉમેદવાર વિજયી થયા બાદ વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. કોંગ્રેસના સભ્યોની સંખ્યા ૧૯ પર પહોંચી છે.

તાલુકા પંચાયતમાં સત્તા કબ્જે કરવા માટે કોંગ્રેસ આમ તો મજબુત દાવેદાર મનાઈ રહી છે પણ પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પહેલાં ભાજપ કોઈ નવા-જૂની કરે તો તેવા પ્રશ્નાર્થો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ દ્વારા પણ પ્રમુખ-ઉપપ્રમુખની પસંદગીને લઈ નિરીક્ષકો નીમવામાં આવશે અને તેઓ સભ્યોના મન જાણ્યા બાદ પોતાનો અહેવાલ પ્રદેશ સમિતિને આપશે અને પ્રદેશ સમિતિ દ્વારા ઉમેદવારની પસંદગીને આખરી મહોર મારવામાં આવશે.

આ બધી પ્રક્રિયા આજથી શરૂ થઈ રહેલા આ સપ્તાહમાં હાથ ધરવામાં આવે તેવી શકયતાઓ છે.

ફી મુદ્દે વાલીઓનો નમતુ નહી જોખવા નિર્ધાર

એક તરફ બોર્ડની પરીક્ષાઓ આંગણે આવીને ઉભી છે તો બીજી તરફ સરકાર દ્વારા ફી નિયંત્રણના નિર્ણયને શાળા સંચાલકો અવગણવા પ્રયાસ કરી રહ્યાં છે. આ સંજોગોમાં અદાલતનો ચુકાદાનુ સરકાર પાલન કરવા કટિબદ્ધ બની છે ત્યારે શાળા સંચાલકો બાળકોની હૉલ ટિકીટ રોકવા સુધી નિચલી પાયરીએ જઈ રહ્યાં છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગરની વિવિધ ખાનગી શાળાઓના વાલીઓએ ઘ-૪ સર્કલ નજીક સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં સરદાર પટેલની પ્રતિમા નજીક એક બેઠક યોજી વાલી એકતા મજબૂત કરવા સાથે લડત આપવાનો નિર્ધાર કર્યો હતો. આ બેઠકમાં વાલીઓએ સરકારના વલણને આવકારવા સાથે શાળા સંચાલકો સામે નમતું નહી જોખવા સહિતના નિર્ણય કરવા ઉપરાંત આગામી સમય માટેની રણનીતિ ઘડી કાઢી હતી.

રાજ્યમાં ૧૪૦૦ ગામ, ૩૨ શહેરોને વૈકલ્પિક યોજના દ્વારા પાણી

અમદાવાદ,તા. ૪

રાજયભરમાં ઉનાળાના દિવસો દરમ્યાન પાણીની મુશ્કેલી સર્જાય નહી તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નર્મદાના પાણીના વિકલ્પમાં રૂ.૨૦૬ કરોડના ખર્ચે હાથ ધરાયેલા ૩૨ કામોની પ્રગતિની સમીક્ષા કરી હતી. નર્મદા યોજનામાં પાણીની ૫૦ ટકાથી ઓછી આવક છતાં રાજયના લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા તા.૩૧ જૂલાઈ સુધીનું મહત્વનું આયોજન કરાયું છે અને તેના ભાગરૂપે રાજયના ૧૪૦૦ ગામો અને ૩૨ શહેરોને વૈકલ્પિક યોજના દ્વારા પાણી પૂરૂ પાડવામાં આવશે. એટલું જ નહી, સમીક્ષા બેઠક દરમ્યાન મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગામી ચોમાસા સુધી સૌરાષ્ટ્ર અને કચ્છના જળાશયોના પાણીના જથ્થાને પીવાના પાણી માટે અનામત રાખવા અધિકારીઓને સૂચના આપી હતી. સાથે સાથે આદિવાસી વિસ્તારોમાં વધારાની હેન્ડપંપ રેપરીંગ ટીમો કાર્યરત કરાશે. આ સિવાય અગરિયાઓ માટે પીવાના પાણીની ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. દરમ્યાન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, રાજય સરકારે છેવાડાના માનવી સુધી પીવાનું પાણી મળી રહે તે કામને હંમેશા પ્રાધાન્ય આપ્યું છે અને એટલે જ આ વર્ષે નર્મદા ડેમમાં

● અનુસંધાન પાન-૭ પર

હવે ડિપ્લોમા પ્રવેશ સમિતિમાં વિવાદીત અધિકારીઓ સામેલ

વિદ્યાર્થી સંગઠનોની અધિકારીઓને દૂર કરવા માંગ : ગત વર્ષે પણ એસીપીડીસીના બે અધિકારી સામે પ્રવેશમાં પક્ષપાત કર્યો હોવાની ગંભીર ફરિયાદો ઉઠી હતી : રિપોર્ટ

અમદાવાદ,તા. ૪

ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયામાં ગત વર્ષે પક્ષપાત અને લાગવગશાહી ચલાવનારા એડમીશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસના બે વિવાદીત અધિકારીઓને ફરી વખત આ વર્ષે પણ પ્રવેશ સમિતિમાં સમાવવામાં આવતાં વિદ્યાર્થી સંગઠનોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે. વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ, ગુજરાતના પ્રમુખ આનંદ આઈ.ગોસ્વામીએ આ સમગ્ર મામલે કસૂરવાર અધિકારીઓની તાત્કાલિક પ્રવેશ સમિતિમાંથી હકાલપટ્ટી કરવા અને તેઓની વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી કરવા ઉગ્ર માંગણી કરી હતી. વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ, ગુજરાતના પ્રમુખ આનંદ આઈ.ગોસ્વામીએ આ સમગ્ર મામલે જણાવ્યું હતું કે, ડિપ્લોમા ઈજનેરીમાં ગત વર્ષની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવાછતાં પાછળથી ખોટી રીતે કેટલાક પ્રવેશ અપાયા હોવાની ગંભીર ફરિયાદ ઉઠી હતી, જેમાં મુખ્યમંત્રીના સંબંધીઓની ભાગીદારીમાં ચાલતી એક ડિપ્લોમા ઈજનેરી કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થઈ ગયા બાદ પણ બારોબાર ગેરકાયદે રીતે પ્રવેશ આપી દેવાયા હતા. બીજીબાજુ, જેન્યુઈન વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હતા. એસીપીડીસીના અધિકારીઓ યુ.એન.નાણાવટી અને એચ.આર.પરમાર વિરૂધ્ધ અમે આ પ્રકરણમાં ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશનને પણ ફરિયાદ અને રજૂઆત કરી હતી. જેને ધ્યાનમાં લઈ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશમાં બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ તો આપી દેવાયો હતો પરંતુ ભારે આશ્ચર્ય વચ્ચે ૨૦૧૮-૧૯ના આ વર્ષે ફરીથી પ્રવેશ સમિતિમાં ઉપરોકત બંને જવાબદાર અધિકારીઓને સમાવી દેવામાં આવ્યા છે, જેને લઈ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી સંગઠનોમાં ભારોભાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. આવા પક્ષપાતી અને લાગવગ ચલાવતા અધિકારીઓના વલણના કારણે જેન્યુઈન અને લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશમાં ભારોભાર અન્યાય થવાની દહેશત છે તેવો ગંભીર આક્ષેપ પણ આ વિદ્યાર્થી નેતાએ કર્યો હતો.

વિદ્યાર્થી હિત રક્ષક સમિતિ, ગુજરાતના પ્રમુખ આનંદ ગોસ્વામીએ ઉમેર્યું હતું કે, રાજય સરકારમાં ઘણા અનુભવી અને તજજ્ઞ સ્ટાફ ઉપલબ્ધ હોવાછતાં ઉપરોકત બંને અધિકારીઓને ફરીથી પ્રવેશ સિમિતિમાં સમાવવાને લઈ ડિપ્લોમા પ્રવેશ સમિતિ અને તેની પ્રવેશ પ્રક્રિયા બિનજરૂરી રીતે શંકાના દાયરામાં આવી ગઈ છે, તેથી ખરેખર તો, રાજય સરકારે આ બંને અધિકારીઓની પ્રવેશ સમિતિમાંથી તાત્કાલિક ધોરણે હકાલપટ્ટી કરી તેઓની વિરૂદ્ધ કાયદાનુસાર કાર્યવાહી કરવી જોઈએ. જેથી વિદ્યાર્થી આલમમાં નિષ્પક્ષ, યોગ્ય અને ન્યાયી પ્રવેશનો વિશ્વાસ મજબૂત થાય.

પથ સંચલન - રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ દ્વારા પ્રતિ વર્ષ સમાજ સાથે સંપર્ક વધારવા તથા સંઘના પ્રસાર માટે પથ સંચલન કાર્યક્રમ યોજાય છે... અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં સેંકડો સ્વંયસેવકો નિર્ધારીત માર્ગ પર શિસ્તબદ્ધ પથસંચલન યોજ્યું હતું... સમગ્ર વિસ્તારમાં સર્જાયેલ અનોખા શિસ્તના માહોલને માણવા આસપાસના નાગરિકો ઉમટ્યા હતા...

રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું

કંડલાપોર્ટ ખાતે પારો ૩૮.૧ સુધી પહોંચ્યો

અમદાવાદ,તા. ૪

અમદાવાદ શહેરની સાથે રાજયભરમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. એકબાજુ પાણીની તકલીફ પહેલાથી જ અનુભવાઈ રહી છે ત્યારે આ વખતે ગરમી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદ શહેરમાં આવતીકાલે સોમવારના દિવસે ગરમીનું પ્રમાણ વધી શકે છે અને પારો રવિવારની સરખામણીમાં સોમવારે ઉપર પહોંચી શકે છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૯.૮ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ રાજયના કેટલાક ભાગોમાં પારો ૩૮થી ઉપર પહોંચી ગયો છે. આજે કંડલા પોર્ટ ખાતે પારો ૩૭.૧ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. આગામી બે દિવસ દરમિયાન મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થવાની શક્યતા નહીવત દેખાઈ રહી છે. બેવડી સિઝનના પરિણામ સ્વરુપે હાલ સાવચેતી રાખવાની સલાહ નિષ્ણાંત લોકો આપી રહ્યા છે. અમદાવાદ સહિત ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મિશ્ર સિઝન વચ્ચે હવે ગરમીનું પ્રમાણ જોવા મળી રહ્યું છે. તમામ જગ્યાઓ ઉપર હવે પંખા અને એસીનો ઉપયોગ થવા લાગી ગયો છે. હાલમાં નિચલી સપાટી ઉપર ઉત્તર-પશ્ચિમી પવાનો ફુકાઈ રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યુ છે કે, લઘુત્તમ તાપમાનમાં આગામી બે દિવસ દરમ્યાન કોઈ ફેરફાર થાય તેવી શક્યતા ઓછી છે. બીજી બાજુ ગાંધીનગરમાં આજે પારો મહત્તમ તાપમાનમાં ૩૪ ડિગ્રી રહ્યું હતું. નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૮.૯ અને મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી નોંધાયુ ગયુ હતું. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યકત કરી રહ્યા છે. સવારે ફુલગુલાબી ઠંડીનો અનુભવ સવારના ગાળામાં થઈ રહ્યો છે. જો કે બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.બેવડી સિઝનના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદમાં મિશ્ર સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસોમાં વધારો થયો છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે.

બેસણું

મારા પતિ **શ્રી ભાનુચંદ્ર સવજીભાઈ દત્તાણી**, ઉંમર વર્ષ ૭૨ (પોરબંદરવાળા)નું ટૂંકી માંદગી બાદ તા. ૪-૩-૨૦૧૮ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમનું બેસણું નીચે દર્શાવેલ સ્થળ, તારીખ, સમયે રાખેલ છે.

સ્થળ : બ્લોક નં. ૯, પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭ બી, ગાંધીનગર
મો. ૯૬૮૭૧ ૬૨૨૨૬, ૯૮૭૯૦ ૬૨૦૨૬
તારીખ : ૫-૩-૨૦૧૮, સોમવાર, સમય : સાંજે ૪.૦૦ થી ૬.૩૦

લિ.
મૃદુલાબેન ભાનુચંદ્ર દત્તાણી — મીનલ શ્રીનિવાસ નિમાણી (પુત્રી)
આદિત્ય, મૈત્રયી, કિષ્ણા (દોહિત્ર-દોહિત્રી) — શ્રીનિવાસ નિમાણી (જમાઈ)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૭૦૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com